# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

વડી કચેરી, પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર- ૩૮૨૦૧૦

## પરિપત્ર

વિષય:- જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ હેઠળ ઓથોરાઈઝેશન અરજીની પ્રોસેસીંગ ફી બાબત.

વંચાણે લીધા:

(૧) ભારત સરકાર દ્વારા તા.૨૦/૦૭/૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક: એસઓ.૬૩૦(ઇ) દ્વારા જાહેર કરવામાં આવેલ જૈવિક તબીબી કચરા નિયમો-૧૯૯૮.

(૧) જૈવિક તબીબી કચરા નિયમો-૧૯૯૮ હેઠળ ઓથોરાઈઝેશન અરજીની પ્રોસેસીંગ ફી બાબતે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક :ઇએનવી/૧૦૯૮/જીઓઆઇ-૮૭/૫૨/પાર્ટ-૨/૧૦/પી-૧ તા.૧૪/૧૨/૧૯૯૯.

(૨) ભારત સરકાર દ્વારા તા.૨૮/૦૩/૨૦૧૬ના જાહેરનામાં ક્રમાંક: જી.એસ.આર ૩૪૩(ઇ) દ્વારા જાહેર કરવામાં આવેલ જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬.

(૩) જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ હેઠળ ઓથોરાઈઝેશન અરજીની પ્રોસેસીંગ ફી બાબતે બોર્ડની તા.૦૪/૦૫/૨૦૧૬ના રોજ મળેલ ૨૧૧મી બેઠકમાં કરવામાં આવેલ ઠરાવ

ભારત સરકારના પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેઇન્જ મંત્રાલય દ્વારા જૈવિક તબીબી કચરા નિયમો ૧૯૯૮ની જગ્યાએ જૈવિક તબીબી કચરા નિયમો ૨૦૧૬ જાહેર કરવામાં આવેલ છે. તેના નિયમ ૧૦ (૯)ની જોગવાઈ મુજબ

(૧) પથારી ન ધરાવતી તબીબી સંસ્થાઓએ નિયમ (૧૦) (૧) મુજબ ફક્ત એકજ વખત ઓથોરાઈઝેશનની અરજી કરવાની રહે છે.

(૨) પથારી ધરાવતી તબીબી સંસ્થાઓ નિયમ (૧૦) (૧) મુજબ વોટર એક્ટની જોગવાઈ હેઠળ પણ આવરી લેવાયેલ છે તેથી તેઓને ઓથોરાઈઝેશનની અરજી સાથે પાણી પ્રદૂષણ અધિનિયમ-૭૪ હેઠળ કન્સેન્ટની અરજી પણ સાથે કરવાનું ફરજીયાત કરવામાં આવેલ છે. જૈવિક તબીબી કચરા નિયમો – ૧૬ ની જોગવાઈનું પાલન થાય તે માટે રાજ્યની પથારી ધરાવતી તબીબી સંસ્થાઓને જૈવિક નિયમો હેઠળ ઓથોરાઈઝેશનની અરજી અને પાણી પ્રદૂષણ અધિનિયમ-૭૪ હેઠળ કન્સેન્ટની અરજી એક સાથે કરવાની રહે છે.

જૈવિક તબીબી કચરા નિયમો-૧૯૯૮ની જોગવાઇઓ ધ્યાને લઇ વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઠરાવ ક્રમાંક: ઇએનવી/૧૦૯૮/જીઓઆઇ-૮૭/૫૨/પાર્ટ-૨/૧૦/પી-૧ તા.૧૪/૧૨/૧૯૯૯થી ઓથોરાઇઝેશન ફીના નીચે મુજબના દર ઠરાવવામાં આવેલ હતા.

| ક્રમ | વિગત | ફીનો દર |
|---|---|---|
| ૧ | ૫૦૦ અને તેનાથી વધુ પથારીઓ ધરાવતી હેલ્થ કેર ફેસીલીટી | ૫૦૦૦ |
| ૨ | ૨૦૦ અને તેનાથી વધુ પરંતુ ૫૦૦થી ઓછી પથારીઓ ધરાવતી હેલ્થ કેર ફેસીલીટી | ૪૦૦૦ |
| ૩ | ૫૦ અને તેનાથી વધુ પરંતુ ૨૦૦થી ઓછી પથારીઓ ધરાવતી હેલ્થ કેર ફેસીલીટી | ૩૦૦૦ |
| ૪ | ૫૦થી ઓછી પથારીઓ ધરાવતી હેલ્થ કેર ફેસીલીટી | ૨૦૦૦ |
| ૫ | જૈવીક તબીબી કચરો ઉત્પન્ન,એકત્ર,સંગ્રહ, વહન,શુધ્ધીકરણ, નિકાલ કે જાળવણી કરતી અને ઉપરમાં સમાવિષ્ટ ન હોય તેવી હેલ્થ કેર ફેસીલીટી | ૧૦૦૦ |

ભારત સરકાર દ્વારા જૈવિક તબીબી કચરા નિયમો-૧૯૯૮ને રદ્દ કરી તા.૨૮/૦૩/૨૦૧૬ના જાહેરનામાં ક્રમાંક: જી.એસ.આર ૩૪૩(ઇ) દ્વારા જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ જાહેર કરવામાં આવેલ છે અને તેનો વ્યાપ પણ વધારેલ છે જેને ધ્યાને લઇ તા.૦૪/૦૫/૨૦૧૬ના રોજ મળેલ બોર્ડની ૨૧૧મી બેઠકમાં આ નિયમો હેઠળ ઓથોરાઇઝેશન ફીના નીચે મુજબના દર સર્વાનુંમતે ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | પથારી ન ધરાવતી હેલ્થ કેર ફેસીલીટીઓને કાયમી ઓથોરાઈઝેશન માટેની ફી રૂ.૫૦૦૦/-(પાંચ હજાર) |
| ૨ | ૧ થી ૫૦ પથારી ધરાવતી હેલ્થ કેર ફેસીલીટીઓને પાણી પ્રદૂષણ અધિનિયમ- ૧૯૭૪ની જોગવાઈ મુજબ પાણીના વપરાશ પ્રમાણેની પાંચ વર્ષની કન્સેન્ટ ફી ઉપરાંત પાંચ વર્ષના જૈવીક તબીબી કચરાના નિયમો-૨૦૧૬ હેઠળ મેળવવાના ઓથોરાઈઝેશન માટેની ફી પ્રતિ વર્ષ રૂ. ૨૦૦૦/-(બે હજાર) લેખે પાંચ વર્ષ માટેની ફી રૂ.૧૦,૦૦૦/-(દશ હજાર) |
| ૩ | ૫૧ થી ૨૦૦ પથારી ધરાવતી હેલ્થ કેર ફેસીલીટીઓને પાણી પ્રદૂષણ અધિનિયમ- ૧૯૭૪ની જોગવાઈ મુજબ પાણીના વપરાશ પ્રમાણેની પાંચ વર્ષની કન્સેન્ટ ફી ઉપરાંત પાંચ વર્ષના જૈવીક તબીબી કચરાના નિયમો-૨૦૧૬ હેઠળ મેળવવાના ઓથોરાઈઝેશન માટેની ફી પ્રતિ વર્ષ રૂ. ૫૦૦૦/-(પાંચ હજાર) લેખે પાંચ વર્ષ માટેની ફી રૂ.૨૫,૦૦૦/-(પચીસ હજાર) |
| ૪ | ૨૦૧ થી ૫૦૦ પથારી ધરાવતી હેલ્થ કેર ફેસીલીટીઓને પાણી પ્રદૂષણ અધિનિયમ- ૧૯૭૪ની જોગવાઈ મુજબ પાણીના વપરાશ પ્રમાણેની ફી ઉપરાંત પાંચ વર્ષના ઓથોરાઈઝેશન માટેની ફી પ્રતિ વર્ષ રૂ. ૧૦,૦૦૦/-(દસ હજાર) લેખે પાંચ વર્ષ માટેની ફી રૂ.૫૦,૦૦૦/-(પચાસ હજાર) |
| ૫ | ૫૦૦ થી વધુ પથારી ધરાવતી હેલ્થ કેર ફેસીલીટીઓને પાણી પ્રદૂષણ અધિનિયમ- ૧૯૭૪ની જોગવાઈ મુજબ પાણીના વપરાશ પ્રમાણેની પાંચ વર્ષની કન્સેન્ટ ફી ઉપરાંત પાંચ વર્ષના જૈવીક તબીબી કચરાના નિયમો-૨૦૧૬ હેઠળ મેળવવાના ઓથોરાઈઝેશન માટેની ફી પ્રતિ વર્ષ રૂ. ૨૦,૦૦૦/-(વીસ હજાર) લેખે પાંચ વર્ષ માટેની ફી રૂ.૧,૦૦,૦૦૦/-(એક લાખ) |

ઉપર દર્શાવ્યા મુજબની ફીની રકમ ઓથોરાઇઝેશન મેળવવા માટેની અરજી કરનાર પાસેથી વસુલ લેવા સબંધકર્તા સર્વેને આથી જણાવવામાં આવે છે.

(હાર્દિક શાહ, IAS)
સભ્ય સચિવ

નં: જીપીસીબી/ બી.એમ.ડબ્લ્યુ-સી-૧૩૧/ 3611 29. 29 JUN 2016

નકલ રવાના:-

(૧) તમામ પ્રાદેશિક કચેરી, ગુ.પ્ર.નિ.બોર્ડને જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) તમામ યુનિટ હેડશ્રી : જરૂરી જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે.

(૩) આઇટી શાખા, એક્ષપીએન પર મુકવા અર્થે

(૪) માન અધ્યક્ષશ્રી/ સભ્ય સચિવશ્રીના અંગત સચિવને જાણ અર્થે